સુવિચાર : સદાચારી, શ્રદ્ધાવાન, પરિશ્રમી અને ઇર્ષા વિનાના વ્યક્તિની સફળતા સ્થાઇ હોય છે તથા હંમેશા જીવંત રહે છે - મનુસ્મૃતિ

**તાપમાન**
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૩ ટકા


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૯ ૨૦ માર્ચ, ૨૦૧૬, રવિવાર ; ફાગણ સુદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સેનાને ૧૫૦૦૦ કરોડ ટેકનોલોજી-શસ્ત્રો માટે અપાશે

## ૧૨ લાખ જવાન ધરાવતી ભારતીય સેનાની તકલીફ દૂર થશે : હવે મિસાઇલો, થર્મલ ઇમેજર્સ વેપન લોકેટિંગ રડાર તેમજ મલ્ટીપલ લોન્ચ રોકેટ સિસ્ટમની વ્યવસ્થા ટૂંક સમયમાં જ કરાશે

નવી દિલ્હી,તા. ૧૯ ભારતની ૧૧ લાખ ૮૦ હજાર સૈનિકોની ક્ષમતા ધરાવનાર ભારતીય સેનાની મોટી મુશ્કેલી હવે દુર થનાર છે. સેનાનો જે ચીજવસ્તુઓનો લાંબા સમયથી ઈન્તજાર હતો તે મિસાઈલ, થર્મલ ઈમેજર્સ, વેપન લોકેટિંગ રડાર અને મલ્ટીપલ લોન્ચ રોકેટ સિસ્ટમ મળનાર છે. આ દિશામાં પહેલ થઈ ચુકી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ સેનાને ૧૫૦૦૦ કરોડના હથિયારો અને અન્ય સામગ્રી પુરી પાડવામાં આવી શકે છે. સંરક્ષણ મંત્રાલયના સુત્રોએ કહ્યુ છે કે સુરક્ષા મામલાની કેબિનેટ સમિતીએ ૬૬૦૦ કરોડના ચાર મોટા સંરક્ષણ સોદાને મંજુરી આપી દીધી છે. સાથે સાથે ૮૩૦૦ કરોડના બે સોદાને પણ મંજુરી આપી દીધી છે. સંરક્ષણ મંત્રાલયના સુત્રોએ કહ્યુ છે કે ભારતીય સેનાને તમામ જરૂરી સાધન સામગ્રી પુરી પાડવામાં આવી રહી છે. જે ચાર સમજુતીને મજુરી આપવામાં આવી છે તેને લઈને ટુંક સમયામાં જ કોન્ટ્રાક્ટ જારી કરવામાં આવશે. જેમાં ૧૨૦૦ કરોડ રૂપિયાના ૬૫૦૦૦ નવી ટેકનોલોજી સાથે એમએમ રોકેટ ખરીદવામાં આવનાર છે. આ ઉપરાંત ૧૪૦૦ કરોડ રૂપિયામાં ચાર હજાર લેજર રેન્જ ફાઈન્ડર્સની સાથે થર્મલ ઈમેજર્સ, ૨૦૦૦ કરોડ રૂપિયામાં

● અનુસંધાન પાન-૭ પર




















